પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૮૬ | ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૮, શનિવાર; ભાદરવા સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ભારતે આંતરરાષ્ટ્રીય સરહદ પર ‘ઈલેક્ટ્રોનિક દિવાલ’ નિર્માણ કરી

પાકિસ્તાનથી ઘૂસણખોરી કરનારની હવે ખેર નહીં,ભારતે અદ્રશ્ય દિવાલ બનાવી! : સોમવારે રાજનાથસિંહ જમ્મૂમાં બે પાયલટ પ્રોજેક્ટ લોન્ચ કરશે,૫.૫ કિમી બોર્ડર કવર થશે

ન્યુ દિલ્હી,તા.૧૪

પાકિસ્તાનથી ઘૂસણખોરીની કોશિષોને નિષ્ફળ કરવા માટે ભારતે આંતરરાષ્ટ્રીય સરહદ પર ‘ઈલેક્ટ્રોનિક દિવાલ’ ઉભી કરી દીધી છે. જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદના બે ભાગમાં આપણે પહેલી વખત હાઈ-ટેક સર્વિલાંસ સિસ્ટમ તૈયાર કરી છે. તેની મદદથી જમીન, પાણી અને હવામાં એક અદ્રશ્ય ઈલેક્ટ્રોનિક બેરિયર હશે. આ મ્જીહ્લને ઘૂસણખોરોની ઓળખ અને મુશ્કેલ વિસ્તારોમાં ઘૂસણખોરીને રોકવામાં મદદ કરશે.

ગૃહમંત્રી રાજનાથ સિંહ સોમવારના રોજ જમ્મુમાં બે પાયલટ પ્રોજેકટને લોન્ચ કરશે. આ પ્રોજેકટની અંતર્ગત જમ્મુની ૫.૫ કિલોમીટરની બોર્ડર કવર થશે. આ સિસ્ટમને કૉમ્પ્રિહેન્શિવ ઈન્ટિગ્રેટેડ બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમ (CIBMS) નામ અપાયું છે. આવો સમજીએ કે આ કેવી રીતે કામ કરે છે. પાકિસ્તાનની તરફથી મોટાભાગે રાતના સમયે ઘૂસણખોરી થતી હોય છે. ઘૂસણખોરી જે વિસ્તાર સમતલ નથી ત્યાં વધુ થાય છે. હવે CIBMSની અંતર્ગત કેટલાંય આધુનિક સર્વિલન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરાશે. તેમાં થર્મલ ઈમેજર, ઈન્ફ્રા-રેડ અને લેઝર બેઝડ ઈંટ્રુડર એલાર્મની સુવિધા હશે, જેની મદદથી એક અદ્રશ્ય જમીની વાડ, હવાઈ નિગરાની માટે એરશિપ, નાયાબ ગ્રાઉન્ડ સેંસર લાગેલું હશે જે ઘૂસણખોરીની કોઈપણ પણ હરકતને માપી સુરક્ષા બળોને સૂચિત કરી દેશે.

અત્યાર સુધી ઘૂસણખોરી સુરંગ ખોદીને પણ ભારતની સરહદમાં ઘૂસતા હતા, પરંતુ હવે આ અશકય થઈ જશે. સુરંગ, રડાર અને સોનાર સિસ્ટમ્સ દ્વારા બોર્ડર પર નદીની સરહદોને

● અનુસંધાન પાન-૭ પર

જથ્થાબંધ ફુગાવો ૪.૫૩ ટકા

જથ્થાબંધ ફુગાવો ચાર માસની નીચી સપાટીએ પહોંચ્યો : જુલાઈ મહિનામાં ડબલ્યુપીઆઈ ફુગાવો ૫.૦૯ ટકા હતો : એલપીજીમાં ફુગાવો ૪૬.૦૮ ટકા અને ડીઝલ અને પેટ્રોલમાં ફુગાવો ક્રમશઃ ૧૯.૯૦ તેમજ ૧૬.૩૦ ટકા થયો : અનેક ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો



નવીદિલ્હી, તા. ૧૪

હોલસેલ પ્રાઈઝ ઉપર આધારિત ફુગાવો (ડબલ્યુપીઆઈ) ફુગાવો ઓગસ્ટ મહિનામાં ૪.૫૩ ટકા થઈ ગયો છે જે ચાર મહિનાની નીચી સપાટી છે. રિટેલ ફુગાવો ઘટી ગયા બાદ હવે ડબલ્યુપીઆઈ ફુગાવો પણ ઘટ્યો છે. જુલાઈ મહિનામાં ડબલ્યુપીઆઈ ફુગાવો ૫.૦૯ ટકા હતો જે હવે ઘટીને ૪.૫૩ ટકા થયો છે. એલપીજીમાં ફુગાવો ૪૬.૦૮ ટકા રહ્યો છે જ્યારે ડીઝલ અને પેટ્રોલમાં ફુગાવો ક્રમશઃ ૧૯.૯૦ અને ૧૬.૩૦ ટકાનો રહ્યો છે. અનેક ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થયો છે. ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં ડબલ્યુપીઆઈ ફુગાવો ૩.૨૪ ટકા હતો. આજે જારી કરવામાં આવેલા આંકડા મુજબ ફુડ આર્ટિકલ્સમાં ડિફ્લેશનનો

● અનુસંધાન પાન-૭ પર

પેટ્રોલ-ડીઝલની કિંમતમાં ફરીથી તીવ્ર વધારો કરાયો

મુંબઈ, કોલકાતા અને ચેન્નાઈમાં ક્રમશઃ ૨૮, ૨૭ તેમજ ૩૦ પૈસાનો વધારો થયો : સતત બીજા દિવસે ભાવ વધારો : દિલ્હીમાં પેટ્રોલની કિંમતમાં ૨૮ પૈસાનો વધારો

નવી દિલ્હી,તા. ૧૪

પેટ્રોલ ડીઝલની કિંમતમાં આજે ફરીવાર વધારો કરવામાં આવ્યો હતો. દિલ્હીમાં પેટ્રોલની કિંમતમાં ૨૮ પૈસાનો વધારો કરાયો હતો જ્યારે મુંબઈ, કોલકાતા અને ચેન્નાઈમાં પેટ્રોલની કિંમતમાં ક્રમશઃ ૨૮ પૈસા ૨૭ અને ૩૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. બુધવારના દિવસે પેટ્રોલની કિંમતમાં નજીવો બ્રેક મુકાયા બાદ ફરી એકવાર ભાવ વધારાનો દોર શરૂ થયો છે જેના ભાગરુપે આજે ફરીવાર વધારો થયો હતો. આજે સતત બીજા દિવસે દેશભરમાં પેટ્રોલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો. ડીઝલની કિંમતમાં દિલ્હીમાં ૨૨ પૈસા, મુંબઈમાં ૨૪ પૈસા, કોલકાતામાં ૨૨ પૈસા અને ચેન્નાઈમાં ૨૪ પૈસાનો વધારો કરાયો હતો. પેટ્રોલની કિંમત હવે દિલ્હીમાં ૮૧.૨૮ રૂપિયા થઈ છે જે ગુરુવારે ૮૧ રૂપિયા હતી. મુંબઈમાં લોકોને એક લીટર પેટ્રોલ માટે હવે ૮૮.૬૭ રૂપિયા ચુકવવા પડશે. આવી જ રીતે ડીઝલ માટે પણ જુદા જુદા ભાવ રહેશે. દેશભરમાં પેટ્રોલિયમ પેદાશોમાં વધી રહેલી કિંમતોના કારણે સરકાર અને વિપક્ષ આમને સામને છે.

આજથી યુએઈમાં છ દેશો વચ્ચે એશિયા કપ માટે જંગ ખેલાશે

એશિયા કપનો તખ્તો તૈયાર : કરોડો ચાહકો ભારે ઉત્સુક : વર્તમાન ચેમ્પિયન ભારતીય ટીમ હોટ ફેવરીટ તરીકે મેદાનમાં ઉતરવા માટે તૈયાર :૧૯ સપ્ટેમ્બરના દિવસે ભારત-પાકિસ્તાન વચ્ચે રોમાંચક જંગ ખેલાશે

દુબઈ,તા. ૧૪

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ક્રિકેટ પ્રેમીઓ રાહ જોઈ રહ્યા છે તે પ્રતિષ્ઠિત એશિયા કપ ક્રિકેટની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે. એશિયાની તમામ ટોપ ટીમો આમાં ભાગ લઈ રહી છે. જેમાં ભારત ઉપરાંત, પાકિસ્તાન અને શ્રીલંકાનો સમાવેશ થાય છે. એશિયા કપમાં ભારત સહિત છ ટીમો ભાગ લઈ રહી છે.ભારત ઉપરાંત એશિયા કપમાં ભાગ લેનાર ટીમોમાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ અને હોંગકોગનો સમાવેશ થાય છે. એશિયા કપમાં ભારતીય ટીમ પોતાની પ્રથમ મેચ હોંગકોંગની સામે રમનાર છે. ૧૯મી સપ્ટેમ્બરના દિવસે હાઈ વોલ્ટેજ મેચ પાકિસ્તાન સામે રમાનાર છે. એશિયા કપની ફાઈનલ મેચ ૨૮મી સપ્ટેમ્બરના દિવસે રમાશે. વર્ષ ૨૦૧૬માં અંતિમ એશિયા કપ ભારતે જીતી લેવામાં સફળતા મેળવી હતી. આ વખતે વિરાટ કોહલીની ગેરહાજરીમાં ભારતીય ટીમ તાજ જાળવી રાખવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. ભારત અને પાકિસ્તાન તેમજ શ્રીલંકાને પ્રબળ દાવેદાર તરીકે ગણવામાં આવે છે. એશિયા કપ ક્રિકેટને લઈને ક્રિકેટ ચાહકોમાં જોરદાર રોમાંચની સ્થિતિ પ્રવર્તી રહી છે. એશિયા કપ ૨૦૧૮ની ફાઈનલ મેચ દુબઈમાં રમાશે. ભારતીય ટીમ વર્તમાન ચેમ્પિયન તરીકે મેદાનમાં ઉતરી રહી છે. ૨૦૧૬માં ભારતે ફાઈનલમાં બાંગ્લાદેશને હાર આપીને મેચ જીતી લીધી હતી. જોકે ૨૦૧૬ની એડિશનમાં ટી-૨૦ ફોર્મેટનું આયોજન કરવામાં આવ્યું હતું. એશિયા કપ ૨૦૧૮ આ વખતે ૫૦ ઓવરની ફોર્મેટમાં રમાનાર છે. ઈંગ્લેન્ડના પ્રવાસ બાદ આની શરૂઆત થઈ રહી છે. ઈંગ્લેન્ડમાં ભારતીય ટીમનો દેખાવ ખુબ કંગાળ રહ્યો છે. ભારતીય ટીમ પહેલા વનડે શ્રેણી અને ત્યારબાદ પાંચ ટેસ્ટ મેચોની શ્રેણી ૪-૧થી હારી ચુકી છે.

ઓગસ્ટ થી દિવાળી કપલ/ફેમીલી/LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી
દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ
સિમલા મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની વાયનાડ-હસન
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા
નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ,અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧